SSP/FEB 99/06/700

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## સત્સંગ પ્રવીણ

## પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૫] (રવિવાર, ૨૧ ફેબ્રુઆરી, ૧૯૯૯) કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ : ૧ - કિશોર સત્સંગ પ્રવીણ)**

**પ્ર.૧. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''જીવાખાચરના કહેવાથી મેં આ કર્યું છે. હું નિર્દોષ છું.''
૨. ''જા, મુક્તાનંદ સ્વામી જેવું તારું કલ્યાણ થશે.''
૩. ''મહારાજ કાંઈ જાણતા નથી.... એમ માનું ને હું કુસંગી થાઉં તો મહારાજને કહેવરાવું.''
૪. ''મન તો હા પાડે છે.''

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ બે પ્રસંગના કારણ આપીને સમજાવો. (બારેક લીટીમાં)** ૮

૧. રોજ વહેલા આવનાર ઉકાખાચર મોડા પડ્યા.
૨. ખોખરામાં પરમહંસોને મારવા આવેલા બાવાઓ ભાગી ગયા.
૩. ખોરાસાના રાજાભાઈને સંસાર અસાર લાગ્યો.
૪. બંધિયાના વાણિયાઓએ શ્રીજીમહારાજની માફી માંગી.

**પ્ર.૩. નીચેના કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. સંતતીર્થ
૨. સ્વયંપ્રકાશાનંદ સ્વામી
૩. જેઠામેર
૪. સત્સંગિજીવન

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. મહારાજે કલ્યાણદાસનું નામ શા માટે અદ્ભુતાનંદ પાડ્યું ?
૨. ગૃહસ્થોના પંચવર્તમાન લખો.





૩. ભક્તચિંતામણિની રચના કોણે કરી ?
૪. સપાર્ષદ ધ્યાન એટલે શું ?
૫. ભક્તચિંતામણિનો એક પાઠ કર્યા બરાબર પુણ્ય કેવી રીતે મળે છે ?
૬. જનમંગલ સ્તોત્રના રચયિતા કોણ છે ?

**પ્ર.૫. નીચે આપેલ સ્વામીની વાત પૂરી કરી તેનું વિવરણ લખો અથવા વચનામૃતનું નિરૂપણ કરો.** ૫

ગઢડા પ્રથમ પ્રકરણનું ૨૨ મું ......

**અથવા**

ભગવાન જીવના ગુના .....

**પ્ર.૬. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર ટૂંક નોંધ લખો. (પંદરેક લીટીમાં)** ૫

૧. આજ્ઞા
૨. સુરાખાચર
૩. રામબાઈ

**પ્ર.૭. નીચેનામાંથી કોઈ પણ ત્રણ કીર્તન/શ્લોક/અષ્ટકની ખૂટતી કડીઓ પૂરી કરો.** ૬

૧. શિર પર પુષ્પનો ........................ શોભે ઘણેરાં.
૨. શિક્ષાર્થમત્ર ....................... પ્રપદ્યે.
૩. રસિયા જોઈ રૂપાળી ....................... અનુપમ સાર છે રે લોલ.
૪. વળી તમારે વિષે જીવન ...................... ન ભૂલીએ હરિ.
૫. બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા .......................

**વિભાગ - ૨ (ગુણાતીતાનંદ સ્વામી)**

**પ્ર.૮. નીચેનામાંથી કોઈપણ બે વિધાન કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''આપ સન્મુખ દૃષ્ટિ કરીને ચાલો તો ઠીક, કારણ ખાડા ટેકરા ગણાં છે. એટલે પડી જવાશે.''
૨. ''તમે બ્રહ્મ ખરા.''
૩. ''ભાઈ, આ તો ચીંથરે વીંટેલ રતન છે.''
૪. ''અવળી ગંગા ન હોય.''

**પ્ર.૯. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં)** ૮

૧. સ્વામીએ જીવનપર્યંત દૂધ ન પીવાનો નિયમ રાખ્યો.
૨. બહિર્ભૂમિ જતા ગુણાતીતાનંદ સ્વામી મૂર્છાવશ થઈ ગયા.
૩. ભરવાડોએ સ્વામી પાસે વર્તમાન ધરાવ્યાં.
૪. માવજી મિસ્ત્રી અને મુસાભાઈની કંપની જામી ગઈ.

**પ્ર.૧૦. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. અમારું અક્ષરધામ
૨. સેવા કરે તે મહંત
૩. ભક્તવત્સલ
૪. સંત પારસ ચંદન બાવના.

**પ્ર.૧૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** ૫

૧. પંચાળામાં કલ્યાણભાઈને મહારાજે ગુણાતીતાનંદ સ્વામીનો શો મહિમા કહ્યો ?
૨. ગોપાળાનંદ સ્વામીએ શિવલાલ શેઠને અંત સમયે શી શીખ આપી ?
૩. સ્વામીએ કયા પરમહંસને ૧૧૬ વર્ષે નિશ્ચય કરાવ્યો ?
૪. ગુણાતીતાનંદ સ્વામીએ હરિસ્વરૂપદાસને હાર પહેરાવીને શું કહ્યું ?
૫. સ્વામીનું ધામાગમન ક્યાં અને ક્યારે થયું ?

**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈપણ બે પ્રસંગો ટૂંકમાં વર્ણવી તેનો ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. સૂક્ષ્મ તપ
૨. ક્ષમાશીલ
૩. બજારના કાંટા
૪. તુલસી દવેને સમાધિ.

**વિભાગ - ૩ (સત્સંગ પરિચય પરીક્ષાનાં પુસ્તકોને આધારે)**

**પ્ર.૧૩. નીચેનામાંથી કોઈપણ ત્રણ વિષે ત્રીસ-ત્રીસ લીટીમાં વિવરણ લખો.** ૨૧

૧. ભગતજી સત્સંગમાંથી વિમુખ

**અથવા**

જૂનાગઢમાં ભગતજીનું સન્માન

૨. પરમચૈતન્યાનંદ સ્વામી

**અથવા**

ગોરધનભાઈ

૩. નિત્યાનંદ સ્વામીની વિદ્વત્તા

**અથવા**

લાડુબાની ભક્તિ

૪. અમારા પર દયા રાખજો

**અથવા**

બિશપ હેબર સાથે મુલાકાત